## શૈક્ષણિક સંસ્થાના શૈક્ષણિક કર્મચારીઓને સત્રાંતે નિવૃત્ત કરવા અંગે

શિક્ષણ વિભાગ, સુધારો ક્રમાંક : સમશ-1086/-65502/83-છ,
ગાંધીનગર, તા. 24-4-'90

*વંચાણમાં લીધા : (1) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : એસઆઈઆર-1081/65502 (83)-છ, તા. 28-10-'83*

*(2) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : સમશ-1086/51800-ગ/1 તા. 8-7-'88.*

*(3) ઉચ્ચ શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : સમશ-1086/51800-ગ,/1 તા. 19-5-'88.*

*(4) ઉચ્ચ શિક્ષણનિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પત્રાંક : 47-મવર-ટ-89-સત્રાંત/નિવૃત્તિ/2662, તા. 30-1-'89.*

**સુધારો** : આમુખમાં દર્શાવેલ ક્રમાંક (2) અને (3) ઉપરના સરખા ક્રમાંકના તા. 19-5-'88 અને તા. 8-7-'88 ના ઠરાવથી શૈક્ષણિક સંસ્થાનાં શૈક્ષણિક કર્મચારીઓને સત્રના અંતે નિવૃત્ત કરવાના હુકમો કર્યા છે. ઉચ્ચ શિક્ષણનિયામકશ્રી તરફથી આમુખમાં દર્શાવેલ તેમના તા. 30-1-'89 ના પત્રથી કરેલી રજૂઆત અંગેની બાબત નાણા વિભાગના પરામર્શને અંતે ઉપર આમુખમાં દર્શાવેલ ક્રમાંક (3) ઉપરનો તા. 8-7-'88 નો ઠરાવ રદ કરવામાં આવે છે, તેમ જ તા. 19-5-'88 ના ઠરાવ ફકરા 1 ની છઠ્ઠી લીટીથી શરૂઆત કરી શૈક્ષણિક કર્મચારીઓને નિવૃત્તિની ખરેખરી તારીખે નિવૃત્ત કરી ત્યાર બાદ જે સત્રના અંત સુધીમાં સેવામાં પુનઃ નિયુક્તિના ધોરણે ચાલુ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે એટલું લખાણ રદ કરી નીચે મુજબ સુધારો કરવામાં આવે છે :

શૈક્ષણિક કાર્ય બજાવતા કર્મચારીને નિવૃત્તિવય બાદ જે-તે સત્રના અંત સુધી ચાલુ રાખવા, પરંતુ નિવૃત્તિવય સત્રના અંત સુધી કરેલી સેવા, ઈજાફો, પેન્શન તેમ જ નિવૃત્તિના કોઈ પણ લાભ માટે ગણતરીમાં લેવામાં આવશે નહિ, તે મુજબ આથી ઠરાવવામાં આવે છે.

૨. આ સુધારો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. 16-4-'90 ના રોજ મળેલ સંમતિથી રવાનાં કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, મ. દિ. પંડ્યા
સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ